## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વિખૂટો છે પડેલો જે જગતના નાથથી મારો;
ફરીથી તાર એ સંધાય એવું જીવવાનું છે.
ઘણા નારાજ પણ રહેશે, ઋણાનુબંધ એવા છે;
જગતનો નાથ રીઝી જાય એવું જીવવાનું છે.
- ડો. મુકેશ જોશી

### પાથેય

- રમેશ ઠક્કર

## જીવ અને જગન્નાથ....

જગત છે તો એનો જગતપિતા પણ ચોકકસ છે..આપણે એને જગન્નાથ કહીએ છીએ..આમ તો એ પોતે જ સર્વાંગ સંપૂર્ણ છે..આમછતાં આપણે સહુ એને લાડ લડાવતા રહીએ છીએ..એની કૃપા દ્રષ્ટિ પામવા માટે તરસતા રહીએ છીએ..આખું જગત એનું છે..એમાં વસતા તમામ જીવો અને આખી સૃષ્ટિ એણે જ બનાવી છે..એ બધાનો નાથ છે..આપણે એનાં જ સંતાનો છીએ..આવો નાથ હોય ત્યારે આપણે અનાથ છીએ એવું અનુભવાય ખરૂં ? એણે શું નથી આપ્યું આપણને..જીવવા માટે ? હૈયું મસ્તક અને હાથ..આટલું જ આમ તો પર્યાપ્ત છે.આપણે ફક્ત એની સાથેનો તાર સતત જોડાયેલો રાખવાનો છે..જીવતરના તારનો તંબૂર તૂટી જાય ત્યાં સુધી.જીવથી શિવનું મિલન ના થાય ત્યાં સુધી, આ તંતુ જીવંત રહે એ જરૂરી છે..પંરતુ આપણી મુસીબત એ છે કે આ આપણો આ તાર વારંવાર તૂટી જાય છે...અને એટલે જ અટકી જતા એ સંચારને ફરીથી સાંધવા એકાકાર થવું જરૂરી છે..એ માટે એવું જીવન જીવવું એ પહેલી ફરજ છે..આવી સામૂહિક પહેલ આપણામાં એક સંચાર કરી જાય છે. આપણા મનની મનોરથયાત્રા તો દરરોજ નિકળતી રહે છે..આપણી દુન્યવી માગણીઓ માટે થતો કોલાહલ આપણને પજવે છે..એ યાત્રા જયારે જગન્નાથ માટે નીકળે ત્યારે એ અનોખો ઉત્સવ બની જાય છે..કહેવાયું છે કે અપના હાથ જગન્નાથ..અને એ રીતે જયૈરે અસંખ્ય હાથ એકસાથે એક દિશામાં યાત્રા બનીને નિકળે છે ત્યારે ઉમંગ અને ભક્તિભાવના અનોખો સંયોગ રચાતો હોય છે..અષાઢી બીજનું ઘનઘોર આકાશ આપણી આશાઓના પારાવાર જેવું હોય છે..મેહુલો ગરજે ને માધવ વરસે એ નકકી હોય છે..એવા સમયે ઉલ્લાસમય રીતે નીકળતી રથયાત્રા આપણને એક ભરપૂર જીવનનો આશાવાદ આપી જાય છે.. દુનિયાના સંબંધો આપણે જીવ છીએ ત્યાં સુધી જ સાથ આપે છે..જીવ જયારે શિવ બની જાય ત્યારે જે કામ આવે છે એ સંબંધ એટલે જગન્નાથ સાથેનો આ જીવંત નાતો..ગાંધીજી કહેતા કે મારા જેવા ભલે અનેક લોકોનો ક્ષય થાય પંરતુ સત્યનો હંમેશાં જય થાય..આ સત્ય એટલે જ ઈશ્વર..આપણી વચ્ચેના અનેક સંબંધો ભલે રચાય અને વિલાય..એનો વસવસો ના હોઈ શકે. પરંતુ જગતના નાથ સાથે જે નાતો બાંધીએ એ અતૂટ હોય છે..આ નેડો જ આપણો બેડો પાર કરવા માટેનો સાચો રાહ છે..આ રાહને મીરાંએ અપનાવવો અને એને મુખડાની એવી માયા લાગી કે બાકી જગ તુચ્છ લાગવા માંડેલું..એ રસ્તા ઉપર નરસિંહ ચાલ્યો હતો..એણે પણ કહેલું એવા રે અમે એવા રે..તમે કહો છો એવા રે..ભકિત કરતાં જો કહેશો એવા..તો કરશું દામોદરની સેવા રે..દયારામનો દયાનો પ્રીતમ પણ એવો જ અમૂલખ છે..આ બધાના તાર એવા મજબૂત હતા કે એમનું નેટવર્ક કયારેય ખોરવાતું નહી..આપણા સહુની સમસ્યા એ છે કે આપણે જગન્નાથથી જ ડિસ્કનેકટ થઈ જઈએ છીએ..એ પછી ભવાટવિમાં ભટકતા રહી ફાંફાં મારતા રહીએ છીએ..વિખૂટા પડેલા ભગવાને મળવા માટેનો માહોલ એટલે રથયાત્રા..એના કોલાહલમાં એક લય હોય છે..એનો જયજયકાર એક હકાર છે જે થડકાર બનીને તૂટી ગયેલા તારને ફરીથી જીવંત કરી જાય છે..રથયાત્રા એ માનવ મહેરામણની એક મનોયાત્રા છે..કલ્યાણયાત્રા છે..

# રથયાત્રા : સમરસ સમાજનું લોકપર્વ

### તંત્રીસ્થાનેથી...

ઓડિશાના જગન્નાથપુરી તીર્થના અધિષ્ઠાતા દેવ ભગવાન જગદીશની કૃપા ગુજરાતના મહાનગર અમદાવાદ પર ઊતરી એ ઘટનાને જોતજોતામાં એકસો ચુમાલીસ વર્ષ થઈ ગયા છે. છેક ૧૮૭૮થી દરેક અષાઢી બીજના દિવસે ભગવાન જગદીશ - શ્રીકૃષ્ણ એમના જયેષ્ઠબંધુ બલરામ અને લાડકી ભગિની સુભદ્રા સાથે નગરયાત્રાએ નીકળે છે ત્યારે આખું મહાનગર ઓલેઝોલે થઈ રહે છે. રથોમાં ભગવાન સહિત એમનાં ભાઈ-બહેનને આરૂઢ કર્યા પછી ખુદ રાજયના મુખ્યમંત્રી દ્વારા 'પહિંદ વિધિ' કરવામાં આવે છે. સોનાની સાવરણીથી ભગવાનના રથની સફાઈ પુરી ખાતે નીકળતી રથયાત્રામાં ત્યાંના રાજા કરતા આવ્યા છે. લોકશાહીમાં લોકો દ્વારા ચૂંટાયેલા સરકારના વડા એ રાજા જ ગણાય. આપણા તમામ મુખ્યમંત્રીઓને આ લહાવો મળતો રહ્યોછે. ઈશ્વરકૃપાથી વર્તમાન મુખ્યમંત્રીશ્રી પણ આઈસોલેશનમાંથી બહાર આવે અને આ પવિત્ર કર્મકાંડ એમના વરદ હસ્તે સંપન્ન થાય એવું ઈચ્છીએ. મુખ્યમંત્રીશ્રીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવેલ હોવાના વાવડ છે. રથયાત્રા પર્વ અમદાવાદનું પ્રતિષ્ઠા પર્વ છે. અમદાવાદનું અનુકરણ કરીને ગુજરાતનાં તમામ નાનાં મોટા નગરો અને કસબાઓ સુધી રથયાત્રા પર્વની ઉજવણી શરૂ થયેલ છે. કોરોનાકાળમાં એ ઉજવળી બંધ રાખવી પડી તે પ્રજાને કઠ્યું હતું. જાણે ભગવાન રિસાઈ ગયા હોય એવો માહોલ સરજાયો હતો. આ એક સર્વાશ્લેષી ઉત્સવ છે જેમાં છેક છેવાડા માનવીથી લઈ મુખ્યમંત્રી સુધીના પ્રજાજનો સામેલ થાય છે. દરેકને કોઈ ને કોઈ જવાબદારી સોંપાયેલી છે. રથ માતેનાં લાકડાં કાપી લાવવાથી લઈ દોરડા વડે એને ખેંચવાની જવાબદારી સ્વાભાવિક રીતે જ શ્રમિક વર્ગ સંભાળે છે. અહીં આપોઆપ ચાતુર્વર્ણ્ય પ્રતાની છૂતાછૂત સમાપ્ત થઈ જાય છે. બધા હોંશે હોંસે 'આપણા ભગવાન' નગરયાત્રાએ નીકળ્યા છે. એનો હરખ મનાવે છે અને ભગવાનના પરિવાર સાથે પોતે પણ નગરયાત્રા દરમિયાન આવતા મામેલા જેવા પ્રસંગનો આનંદ માણે છે. હિંદુ તહેવાર હોવા છતાં મુસલમાન ભાઈઓ પણ રથયાત્રાનું ઉમળકાપૂર્વક સ્વાગત કરે છે. ભેદભાવ મિટાવી ભાઈચારા અને કોમી એખલાસનો પાવન સંદેશ આપતું પર્વ વર્ષોથી રંગેચંગે ઊજવાતું રહ્યું છે તે ગુજરાતની ગરિમાપૂર્ણ સમાજવ્યવસ્થાનો તાદશ પુરાવો છે. વચ્ચે કેટલાંક વર્ષો દરમિયાન અસામાજિક તત્ત્વો દ્વારા રથયાત્રામાં કોમી વૈમનસ્ય ઊભું કરી સૌહાર્દનું વાતાવરણ ખોરવી દેવાના કારસા થયા ત્યારથી રથયાત્રા પૂરી પોલીસ સુરક્ષા સાથે નીકળે છે. છાટકાં તત્ત્વો સાંપ્રદાયિક માહોલ ઊભો કરી દે એ પહેલાં જ એમના પર કરડી નજર રાખવાથી રથયાત્રા સમયસર સંપન્ન થતી રહી છે. હમણાં જ ઉદયપુરમાં બનેલી દારૂણ ઘટનાના પડઘા રથયાત્રા પર ન પડે તેની કાળજી રાખવી પડશે. ઈશ્વરના નામ પર લોહી રેડવાની અત્યંત હીન મનોવૃત્તિ પર કઠોર નિયંત્રણ લાદવાની જરૂર છે. અમદાવાદને ફરી પાછું એ જૂના કરફયુકાળમાં ધકેલી દેવા માગતાં સાંપ્રદાયિક તત્ત્વોને સમયસર ઓળખી લઈ ગુજરાતની બાહોશ પોલીસ રથયાત્રા પર્વ પર કોઈ કૂડી નજર ન લાગે એની તકેદારી રાખી જ રહી છે. ગુજરાતની મૂઠી ઊંચેરી ઈમેજ કયારેક થતાં કોમી છમકલાંથી નંદવાતી રહી છે. છેલ્લા વીસ વર્ષથી પરમ શાંતિ પ્રવર્તે છે તે માટે શાસન-પ્રશાસન અભિનંદનના અધિકારી છે. અમદાવાદની રથયાત્રા વિશ્વ સ્તરે પંકાયેલી છે. ગાંધીનગરમાં પણ છેલ્લાં ઘણાં વર્ષોથી મિની રથયાત્રા શરૂ થયેલ છે. જયાં સુધી આ લોકોત્સવ પ્રજાની શ્રદ્ધા અને ઉલ્લાસનું પ્રતિબિંબ પાડે છે ત્યાં સુધી એ અત્ર તત્ર સર્વત્ર તો જગન્નાથ પુરીમાં શરૂ થઈ અને પૂરા નવ દિવસ સુધીના લોકોત્સવ તરીકે ઊજવાતી રહી છે. એવું કહેવાય છે કે આર્યાવર્તના અંગ-બંગ અને કલિંગ પ્રદેશોમાં માંસાહાર અને મત્સ્યાહારને કારણે વૈષ્ણવ સંપ્રદાય સુગાળવી નજરે જોતો હતો. અંગ એટલે આજનું ઝારખંડ, બંગ એટલે બંગાળ અને કલિંગ એટલે ઓડિશા. ભગવાન તો દયાળુ છે. એને મન કોઈ ભેદભાવ હોય જ નહીં. આની પ્રતીતિ રુપે ભગવાને પુરીમાં પ્રગટ થઈ એ પ્રદેશોને ગરિમા અપાવી હતી. ભગવાન જગન્નાથની સ્તુતિમાં મહાકવ્યો રચાયાં છે. કૃષ્ણ પુરીથી લઈ દ્વારકા પર્યંત સમાન રીતે વિસ્તરેલા છે. આજે કચ્છી નૂતનવર્ષ પણ શરૂ થાય છે. સૌ સલામત રહે. જય જગદીશ હરે !

# અષાઢનો પહેલે દા'ડે





અમર વારસો
ડો. રશ્મિકાન્ત મહેતા

અરે યક્ષ !

આષાઢનો પ્રથમ દિવસ હોય - એટલે મને તારી યાદ અચૂક આવે જ ! આ દિવસે તેં મેઘને દૂત બનાવ્યો; અને તેની સાથે તેં તારી પત્નીને સંદેશો મોકલ્યો. વાત આમ સામાન્ય લાગે - પરંતુ આજે પણ તું અમારે માટે એટલો જ પ્રસ્તુત છો.

(૧) તારા સર્જન પિતા કાલિદાસ છે. તારું કોઈ નામ પાડયું જ નથી. આ કયાં તારી એકલાની વાત ? આ તો સૌ કોઈની વાત છે.

(૨) ફરજમાં બેદરકારી થઈ હોય, તો સજાની તૈયારી રાખવી પડે. પત્નીને કારણે અપરાધ થયો; તો પત્નીથી એક વરસ માટે વિખૂટા પડવાની તને સજા મળી. દેશનિકાસ થવું પડ્યું.

(૩) શ્રીરામને નામે માત્ર પથરા તરી જતા નથી; જીવનની નૌકાથી પણ તરી જવાય છે. સંસાર સાગર પણ ઊતરી જાય. આર્યાવર્તમાં હિમાલયના ઈશાન ખૂણે તારી અલકા નગરી. ત્યાંતી છેક આર્યાવર્તના મધ્યભાગે તું આવ્યો; અને જે પર્વત ઉપર સ્થિર થયો એ રામગિરિ હતો. અહીંના જળાશયો પણ ભગવતી સીતા સ્નાનથી પવિત્ર બનેલા. રામ-સીતા જેવું કહી શકાય, તેવું તમારું યુગલ. રામે હનુમાન સાથે સીતાને સંદેશ મોકલ્યો. તે મેઘ સાથે યક્ષિણી સંદેશ મોકલ્યો...

(૪) અષાઢનો પહેલો દિવસ હતો. મેઘ પર્વતને વળુંભીને પડ્યો હતો. તને શું ભાન ન હતું - કે' આ વાદળ તો માત્ર ધૂમાડો, પ્રકાશ અને પવનનું સંયોજન જ છે ? પણ ના. વ્યાકુળતા વધી જાય, તો ચેતન અને અચેતનનો ભેદ ભૂલાઈ જાય. અમે પણ ફોટામાં રહેલા દિવંગત સ્વજન સાથે વાત કરી જ નાખીએ છીએ.

(૫) તારી વાત સાચી છે. હલકાં માણસો આપણી માગણી સંતોષી શકે, તો પણ એની પાસે ન જવાય. તેં મેંઘને સંદેશો લઈ જવાનું કહ્યું. મેઘ કાંઈ જે તે નથી. પુષ્કર અને આવર્તકના વંશમાં જન્મ્યો છે. દેવરાજ ઈન્દ્રનો પ્રધાનપુરુષ છે. જવાબદાર છે.

(૬) યક્ષ ! એટલું તો નક્કી. મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે તમારે એકાત્મભાવ હતો. તાદાત્મય હતું; એટલું અમારામાં નથી. તું મેઘને 'સૌમ્ય' કહે. નાનો ભાઈ હોય, એને સૌમ્ય કહેવાય. યક્ષિણી માટે તું એમ કહે - 'તારી ભાભી.' અર્થ આ થયો. 'યક્ષ મોટો ભાઈ, મેઘ નાનો ભાઈ અને યક્ષપત્ની મેઘની ભાભી.' ભાભી અને દેહ જેવો સંભધ. તો દુનિયામાં થાવો નથી. - એવો પવિત્ર. સંદેશો પૂરો થાય પછી તેં મેઘને શુભેચ્છા કેવી આપી ? 'મારું તો જે થવાનું હતું, તે ભલે થયું - તારો વીજળી સાથે વિયોગ ન થાવ.' મેઘ અને વીજળી - જાણે પતિ અને પત્ની.

(૭) સંદેશ વાહકને ચોક્કસ માર્ગ તો બતાવવો જોઈએ તે ? તેં રામગિરિથી અલકા - તારા નગરી - સુધીનો માર્ગ બતાવી દીધો. એ પણ કાવ્યતત્ત્વથી છલોછલ. તેં આપેલા નામો અમે બગાડી નાખ્યા. નદી માટે તેં શબ્દ વાપર્યો 'ચર્મણ્વતી' અમે કરી નાખ્યું. 'ચંબલ'.

(૮) યક્ષિણીનેં તેં જે આશ્વાસન આપ્યું. તે તો અમારે આખી જિંદગી યાદ રાખવું પડશે - તેં કહ્યું. 'એક સરખા કોઈના દિવસ જતાં નથી. ભાગ્યનું ચક્ર અત્યારે નીચે છે, તે ઉપર આવશે જ. જેમ તેમ રીને. આંખો વાંચીને, દિવસો પસાર કરી લેવાનાં.'

આવી તો ઘણી વાતો કહેવાની થાય. પરંતુ એટલું નક્કી - 'અમે તને યાદ રાખશું.'

### દિન મહિમા

- જગન્નાથજીની રથયાત્રા રાષ્ટ્રીય ચિકિત્સક દિવસ( નેશનલ ડોકટર્સ ડે)
- કલ્પના ચાવલાની જન્મ જયંતિ, ભારતીય મુળની અમેરિકન અવકાશયાત્રી
- ચન્દ્રશેખરની જન્મ જયંતિ, ભારતના આઠમા વડાપ્રધાન
- વૈંકયા નાયડુ જન્મ દિવસ, ભારતીય વકીલ, રાજકારણી અને ભારતના ઉપરાષ્ટ્રપતિ

આજનું

### ઔષધ

- સરગવાના મુળની છાલનો ઉકાળો સીંધવ અને હીંગ સાથે લેવાથી ગુમડું, સોજો અને પથરી મટે છે

### ખડખડાટ

- દુકાનદાર : બેન મે તમને મારી દુકાનમાં હતા તે બધા ચપ્પલ બતાવી દીધા, હવે એમાંથી એકાદ તો પસંદ કરો....
બેન : ના ઓલા સામે રાખેલ ડબ્બામાં શું છે....?
દુકાનદાર : હવે તો રહેમ કરો બેન, એમાં મારું ટિફિન છે...

આજનું

### વોટ્સએપ

- સાચા હોવ તો ડરવું નહીં,
અને સારા હોવ તો નડવું નહીં...!

# કયા દેશ સાથે ભારતની સૌથી ઓછી ભૂમિ સરહદ જોડાયેલી છે?



ખજાનો
અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

૧ ચંબલ અને બેતવા કઈ નદીની સહાયક નદીઓ છે ?
(અ) યમુના (બ) સતલુજ
(ક) રાવી (ડ) ગંગા

૨ ભારતનું કયું સ્થળ ડેટ્રોયેટ તરીકે ઓળખાય છે ?
(અ) રાયગઢ (બ) કુલુ
(ક) પીયમપુર (ડ) શિમલા

૩ પેરિયાર અભ્યારણ્ય કયા રાજયમાં આવેલું છે?
(અ) ઓડિશા (બ) તમિલનાડુ
(ક) કર્ણાટક (ડ) કેરળ

૪ ગાંધી સાગર પરિયોજના કઈ નદી પર છે ?
(અ) બનાસ (બ) ચંબલ
(ક) પેયગંગા (ડ) દૂધગંગા

૫ કયા દેશ સાથે ભારતની સૌથી ઓછી ભૂમિ સરહદ જોડાયેલી છે?
(અ) પાકિસ્તાન (બ) નેપાળ
(ક) અફઘાનિસ્તાન (ડ) બાંગ્લાદેશ

૬ ઉમાનંદ નદી ટાપુ કયા રાજયમાં આવેલ છે ?
(અ) બિહાર (બ) આસામ
(ક) અરુણાચલ પ્રદેશ (ડ) ઉત્તરપ્રદેશ

૭ સાપુતારા પર્વતમાળા કયા રાજયમાં આવેલ છે?
(અ) ગુજરાત (બ) મધ્યપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) રાજસ્થાન

૮ નંદન કાનન પક્ષીઘર કયાં આવેલ છે ?
(અ) ભુવનેશ્વર (બ) કોલકાત્તા
(ક) મુંબઈ (ડ) બેંગ્લોર

૯ ગંગા સુવર્ણ જયંતિ સંગ્રહાલય કયાં આવેલું છે ?
(અ) ખજુરાહો (બ) નાગપુર
(ક) કોચી (ડ) બિકાનેર

૧૦ આસામનું કયું શહેર ઢોલ અને વાંસળીઓ માટે જાણીતું છે ?
(અ) દિબ્રુગઢ (બ) તેજપુર
(ક) ગુવાહાટી (ડ) જોરહાટ

૧૧ તુલબુલ પરિયોજના કઈ નદી પર આવેલી છે ?
(અ) બેતવા (બ) ઝેલમ
(ક) પાર્વતી (ડ) રાવી

૧૨ ગંગા અને બ્રહ્મપુત્રાની સંયુક્ત ધારા કયા નામે ઓળખાય છે?
(અ) મેઘના (બ) મોહિની
(ક) મેરુદંડ (ડ) મોક્ષિની

૧૩ દેશમાં સૌથી વધુ શણનું ઉત્પાદન કયું રાજય કરે છે ?
(અ) આસામ (બ) બિહાર
(ક) ઉત્તરપ્રદેશ (ડ) પ. બંગાળ

૧૪ કયા રાજયનો દરિયા કિનારો માલાબાર ઘાટ તરીકે ઓળખાય છે ?
(અ) કેરલ (બ) તમિલનાડુ
(ક) મહારાષ્ટ્ર (ડ) ગોવા

૧૫ બ્રહ્મપુત્ર નદી અરુણાચલ પ્રદેશમાં કયા નામે ઓળખાય છે ?
(અ) વૈદેહી (બ) દિહાંગ
(ક) અશ્વગંધા (ડ) શિવગંગા

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧ જુલાઈ :
  - આજના દિવસે કેનેડા દેશ અસ્તિત્વમાં આવ્યો (૧૬૮૭)
  - બ્રિટનની રાજકુમારી ડાયનાનો જનમદિવસ (૧૯૬૧)
  - ભારતીય શાસ્ત્રીય સંગીતમાં બાસુરી વાદનના પિતામર હરિપ્રસાદ ચૌરસીયાનો જન્મદિવસ (૧૯૩૮)
  - સોની કંપનીએ પોર્ટેબલ કેસેટ પ્લેયર વોકમેન બજારમાં મુક્યું (૧૯૭૯)
- ૨જી જુલાઈ :
  - અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ લિન્ડોન બી. જહોન્સને સીવીલ રાઈટસ એકટ પર સહી કરી (૧૯૬૪)
  - અમેરિકન બિઝનેશમેન સેમ વોલ્ટને પ્રથમ વોલમાર્ટ શરૂ કર્યું (૧૯૩૨)
  - ભારત પાકિસ્તાન વચ્ચે સિમલા કરાર થયા (૧૯૭૨)
  - ક્રાંતિકારી નેતા સુભાષચંદ્ર બોઝની કલકત્તામાં ધરપકડ થઈ (૧૯૪૦)
- ૩જી જુલાઈ જૂન :
  - અમેરિકન ક્રાંતિ દરમિયાન જયોર્જ વોશિંગ્ટને આર્મીનો કમાન્ડ તેમના હાથમાં લીધો. (૧૭૭૫)
  - સેમ્યુઅલ ડે ચેમ્પલેઈને કેનેડામાં ક્યુબેક નામનું યુરોપિયન વસ્તી ધરાવતું શહેર શરૂ કર્યું (૧૬૦૮)
  - વિકલિક્સના સ્થાપક જુલિયન અસાઝેનો જન્મદિવસ (૧૯૭૧)
  - મશહુર ક્રિકેટર હરભજનસિંહનો જનમદિવસ (૧૯૮૦)
- ૪ જુલાઈ : અમેરિકાનો સ્વાતંત્ર્ય દિવસ
  - સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ (૧૯૦૨)
  - કલોન દ્વારા તૈયાર કરવામાં આવેલ ઘેટાનો જન્મદિવસ (૧૯૯૬)
  - ફ્રાન્સ દ્વારા પેરીસ ખાતે અમેરિકાને સ્ટેચ્યુ ઓફ લીબર્ટીની ભેટ આપવામાં આવી (૧૯૮૪)
  - યુનાઈટેટ સ્ટેટ મિલિટરી એકેટમી વેસ્ટ પોઈન્ટ ન્યૂયોર્ક ખાતે શરૂ થઈ (૧૮૦૨)
- ૫ જુલાઈ :
  - પેસિફિક સમુદ્રની વચ્ચે કેપ્ટન એન.સી. બુક્સ દ્વારા મીડવે આઈલેન્ડ શોધી કાઢવામાં આવ્યો (૧૮૫૯)
  - અમેરિકામાં સર્કસ શરૂ કરનાર પી.ટી, બર્નમનો જનમદિવસ (૧૮૧૦)
  - સિંગાપોરના આધ્ય સ્થાપક ટોમસ સ્ટેમ્પર્ડનો જન્મદિવસ (૧૭૮૧)
  - અલ્જિરીયા ફ્રાન્સના કબજામાંથી સ્વંતત્ર થયું (૧૯૬૨)
- ૬ જુલાઈ :
  - અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જયોર્જ ડબ્લ્યુ બુશનો જન્મદિવસ (૧૯૪૬)
  - કઝાકિસ્તાનના પૂર્વ પ્રમુખ નુર સુલતાન નઝબાયેનનો જન્મદિવસ (૧૯૪૦)
  - ધીરુભાઈ અંબાણીનો જન્મદિવસ (૧૯૩૨)
  - નાઈઝલેન્ડ બ્રિટીશ રૂલનો ભંગ કરી સ્વતંત્ર થયું (૧૯૬૪)
- ૭ જુલાઈ :
  - મશહુર ફ્રેન્ચ આર્ટીસ્ટ માર્ક ચાન્ગલનો જન્મદિવસ (૧૮૮૭)
  - ભારતીય ક્રિકેટર મહેન્દ્રસિંઘ ધોનીનો જન્મદિવસ (૧૯૮૧)
  - લંડનમાં આતંકવાદીઓ દ્વારા બોમ્બ એટેક કરતાં ત્યાંની ટ્રાન્ઝીટ સિસ્ટમ ખોરવાઈ જતા ૩૯ લોકોના મોત અને ૭૦૦ ઘવાયા (૨૦૦૫)
  - મહારાણા રણજિંતસિંહનો લાહોર પર કબજો (૧૭૯૯)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

શિવસેનાના કયા નેતાની આગેવાની નીચે ધારાસભ્યો બાગી બન્યા ?
જવાબ : એકનાથ શિંદે

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) મૂળજીભાઈ પરમાર : સે-૬ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૩) કનૈયાલાલ બી. જાદવ : સે-૨૪ (૪) શિવાંગ બી પટેલ : સરગાસણ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) નિકુંજ રાવલ : સેકટર-૪ડી (૭) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

મહારાષ્ટ્રના કયા શહેરનું નામ સંભાજીનગર કરવાનો ઠરાવ મહારાષ્ટ્ર સરકારે કર્યો

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# જય રણછોડ... માખણચોર: રેડઅંકલનું રથયાત્રા પ્લાનિંગ!



હળવે હૈયે
પ્રકાશ લાલા

'કહું છું.....'

'એમાં નવાઈ શું છે !'

'એટલે ?' શ્રીમતીજીએ વેધક દષ્ટિ સાથે પૂછ્યું....

એટલે એણ કે તમે જ તો કંઈક ને કંઈક કહેતા હો છો ને ! આપણા ઘરનાં તમે જ તો કાયમનાં વક્તા ને પરમેનન્ટ પ્રવક્તા છો.... અમે સદાના શ્રોતા જ છીએ.... પરંતુ એનો આનંદ છે અમને કેમ કે કવિ દાન 'અલગારી' એ ગાયું છે ને કે 'મોજમાં રેવું મોજમાં રહેવું...... અગમ ધણિયાણીની ધાકમાં ને વાતમાં રેવું રે....' આ સાંભળી ફૂલ વોલ્યુમમાં એમણે કહ્યું : 'હવે આડીઅવળી વાત મૂકો બાજુએ... તમે ભૂલ્યા વગર રાત સુધીમાં મને ગાયનું ચોખ્ખું ઘી લાવી આપજો, સમજયા ?'

કાલે રથયાત્રા છે તે ભગવાનના થાળ માટે માલપુઆ બનાવશું ને....'

'હા.... પણ એકલા માલપુઆ ? ભગવાનને ગળ્યા સાથે કંઈક તીખું નહીં ?'

'ખબર છે મને.... ભગવાન થાવમાં માલપુઆ સાથે ભજિયાં ને પૂરી-શાક, ચટણી, પાપડ, દાળ-ભાત એમ બધું હોય જ ને....' 'તો બરાબર...'

'હા, પણ તમે ઘી લઈ આવવાનું ભૂલયા નહીં, હોં....'

'ઓ.કે... હમણાં જ લઈ આવું એટલે ભૂલી જવાનો પ્રશ્ન જ ના રહે....' કહીને એણે ગજવામાં પાકિટ મૂક્યું, હાથમાં થેલી લીધી, પગમાં ચંપલ ચઢાવી ચાલતી પકડી... ત્યાં શ્રીમતીજી તરફથી 'સ્ટોપપ્રેસ' આવ્યું... જતાં જતાં કાકા-કાકીને આપણે ત્યાં કાલે પ્રસાદ લેવા આવવાનું નિમંત્રણ આપતા આવજો....

'હેં?' અમારાથી બોલાઈ ગયું. રેડ અંકલ અમારે ત્યાં જમી જાય એનો નહીં પણ આવીને આડી-અવળી વાતો કરી, માલપુઆ-ભજિયા સાથે અમારું માથું ખાઈ જાય એનો વાંધો હોય છે.... પણ સાહેબ, જીવનમાં કેટલીય 'ન્યુસન્સ વેલ્યુ' ને સ્વીકારવી પડતી હોય છે ને !

અમે અંકલના ઘર પાસે પહોચ્યા તો અંદરથી અંકલની ધૂન સંભળાઈ : 'જય રણછોડ... માખણચોર...'

અમે ડૉલબેલ વગાડ્યો..... બારણું ખોલીને અમારી સામે આવી ગયેલા રેડ અંકલ બોલ્યા : 'પનુભાઈ જણ રણછોડ.... આવો....'

'જય રણછોડ... પણ કાકા, રથયાત્રા હજી કાલે છે ને..... તમે આજથી જ....'

'કાલે રથયાત્રામાં જોડાવવાનું છે ને આ જયઘોષ કરવાની પ્રેક્ટિસ કરું છું.' અંકલે ખુલાસો કર્યો.

'એટલે ? શું કાકા, તમે કાલે રથ ખેંચવામાં જોડાવાનો છો ? આખી યાત્રામાં રથ સાથે ફરશો....'

'હોતુ હશે ? અને પનુભાઈ, એ શક્તિ એ કયાં રહી છે?'

'હા... તે ભક્તિ તો પહેલેથી જ તમારામાં નથી.... તોય ?' અમે હળવેથી કહ્યું....

અંકલે એ સાંભળ્યા વગર આગળ ચલાવ્યું : 'આપણે તો સવારે પંચદેવ મંદિરે પ્રસ્થાન સમયે 'જય રણછોડ... જય રણછોડ...' કરી આવીશું ને પછી સીધા બપોરે જલારામ મંદિરે....મોસાળમાં ભગવાન જોડે પ્રસાદ લેતી વખતેય 'જય રણછોડ'નો જયઘોષ કરવો પડશે... ને !'

'અચ્છા....' હવે અમને ગેડ બેઠી કે રેડ અંકલે 'રથયાત્રા' પર્વે પ્રસાદ માટે બારોબાર 'મોસાળ'માં પહોંચી જવાનો પ્લાન કર્યો હોવાથી 'પ્રસાદિયા ભગત'તરીકે 'જય રણછોડ'.... માણખ ચોર...' કહી રહ્યા છે....

અમે પૂછ્યું : 'તે અંકલ, તમને જલારામ મંદિરે પ્રસાદ મળશે ખરો...?'

'કેમ નહીં ! અલ્યા ભાઈ, આ વાંચો....' કહેતા રેડ અઁકલે ન્યૂઝપેપર ધર્યું : 'જુઓ, શુદ્ધ ઘીનો ૮૦૦ કિલોનો મોહનથાળ બનવાનો છે. એમાંથી ૫૦-૫૦ ગ્રામના ચાર ચકતાં લેખે ૨૦૦ ગ્રામ મોહનથા મારા ભાગે નહીં આવે ? સાથે ખીચડી ને શાક પણ પીરસાશે જ ને !!'

'હં.... એમ વાત છે.... આ સમાચાર વાંચીને મોહનથાળ જમાવવાની લાલચે આ બધું ચાલી રહ્યુ છે અમને.... ભલે, કંઈ વાંધો નહીં !' 'શેનો વાંધો નહીં, પનુભાઈ ?'

'એ તો કાલે રથયાત્રા પર્વ અમારા ઘરે ભગવાનને ચોખ્ખા ઘીના માલપુઆનો ભોગ લાગશે. એ પ્રસાદ લેવા તમારે ને કાકીએ આવવાનું હતું પણ તમે તો મોહનથાળ માટે...'

'એવું છે ? પનુભાઈ, તમારા નિયંત્રણનો અનાદર કેમ કરાય ? આમેય ત્યાં હઈસો.... હઈસો....માં મોહનથાળ ખાવા કરતાં તમારે ત્યા નિરાંતે માલપુઆનો પ્રસાદ લેવાથી જ ભગવાન જગન્નાથજી વધુ પ્રસન્ન થશે... અમે ત્યારે ત્યાં જ આવીશું....' અંકલ... એકદમ બોલી ઊઠ્યા....

'સરસ... તમે રથયાત્રા સાથે ફરીને જમવા સમયે અમારે ત્યા આવી જજો, અંકલ....'

'ના... રે.... રથયાત્રા અહીંથી પસાર થશે ત્યારે તમારી સાથે દર્શન કરી લઈશું એટલે થઈ ગયું. 'જય રણછોડ...!!!' કહેતા રેડ અંકલે ફટ દઈને પાટલી બદલી નાખી!!